## જન્મદિને વધામણી



ફેલિક ઝેવિયર



પિન્કીબેન પ્રજાપતિ
મો. ૯૬૨૪૦ ૮૧૦૧૭



યુવરાજસિંહ પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'ઍજ્યુબિશન-૨૦૧૮'





ગાંધીનગર, તા. ૧૨

આલમપુર ખાતે સ્થિત રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પ્રતિવર્ષ વિવિધ થીમ આધારિત વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવે છે. આ વર્ષે આ ક્રમમાં 'ઍજ્યુબિશન-૨૦૧૮' વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રિ-પ્રાઈમરીનાં બાળકો માટે 'ઍવરીડે સાયન્સ' અને પ્રાઈમરી વિભાગનાં બાળકો માટે 'મૅથ ફિઝ' થીમ નિયત કરવામાં આવી હતી. શાળાના 'સોસાયટી સ્ટુડન્ટ્સ ઈન્ટરઍક્શન' કાર્યક્રમ હેઠળ વિવિધ વિષય નિષ્ણાતોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમના દ્વારા બાળકોને દરેક પ્રોજેક્ટ્સ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

'ઍજ્યુબિશન-૨૦૧૮'નું ઉદ્‌ઘાટન રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. નિષ્ણાત તરીકે ગણપત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્મા, આઈપીઆરના સિનિયર સાયન્ટીસ્ટ ડૉ. મુકેશ રંજન, જીઈબીના નાયબ ઈજનેર જૉની સકસેના, સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરના આચાર્ય ડૉ. કમલ છાયા, હાઈફાઈ રેકોર્ડિંગ સ્ટુડિયોના મયંક દવે, આસ્થા પૅથોલોજી લૅબોરેટરીના ડૉ. નયન પટેલ, ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ હારીત ધારીવાલ, ગણપત યુનિવર્સિટીનાં આસિ. પ્રૉફેસર ડૉ. ઊર્મિલા પટેલ, ઈન્ડિયન આર્મીના કર્નલ હિમાંશુ ત્રિપાઠી, જીઆઈટીના પૂર્વ ઍસોસિએટ પ્રૉફેસર નમન દવે, ચૌધરી ઈન્સ્ટીટ્યુટના પૂર્વ નિયામક જિતેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંત ભાગમાં શાળાનાં આચાર્ય અનામિકા અંજારિયા દ્વારા અતિથિઓ, નિષ્ણાતો અને શિક્ષક, વહીવટી સ્ટાફ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા

# બાલમંદિરમાં ઈકો ફ્રેન્ડલી રંગોળી અને તોરણ સ્પર્ધા





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિરમાં નવતર પ્રયાસરૂપે દિવાળીના પર્વનું સાંસ્કૃતિક મૂલ્ય સમજાવતી ઈકો ફ્રેન્ડલી રંગોળી અને તોરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળક સાથે બાળકની માતાએ પણ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને નવિન રંગોળી તથા અવનવાં તોરણોનું સર્જન કર્યું હતું. રંગોળી અને તોરણ એ બંને ઘરના ઉંબરાને શણગારે છે. તેમની જેમ ઘરમાં તહેવારની સાથે રંગીન ખુશીઓ આપણા જીવનમાં આવે છે તેવી સમજ બાળકોને આપવામાં આવી હતી.

શાળાનાં સુપરવાઈઝર મીનાક્ષીબેન અને સંયોજક કિરણબેનનાં માર્ગદર્શન હેઠળ આ ઉપક્રમ સફળતાને વર્યો હતો.

# સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા જરૂરિયાતમંદોને સહાય



ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા સમાજનાં ઉત્થાનનાં કાર્યો સતત થતાં રહે છે. આ ક્રમમાં દિપાવલી નિમિત્તે જરૂરિયાતમંદ લોકો અને ભૂલકાઓના ચહેરા પર સ્મિત રેલાવવા માટે એક નવતર પ્રયાસ માનવ સાધના કેન્દ્ર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત કપડાંની ૫૦૦ કિટ, ૫૦૦ ફૂડ પૅકેટ્સ, અભ્યાસની ૫૦૦ કિટ્સ અને ૧૦૦ પૅકેટ્સ સૅનેટરી નૅપકિન્સની વહેંચણી કરવામાં આવી હતી. સર્વ નેતૃત્વ ટીમ દ્વારા લાભાર્થીઓને સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે વિગતે વાત કરવામાં આવી હતી. આ સેવાકીય ઉપક્રમનું આયોજન ગૃપ તરફથી પારૂલ અત્તરવાલા અને દીપિકા જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું, જેને સફળ બનાવવા નરેન્દ્ર શર્મા, વૈદેહી સુથાર, રાજુભાઈ, અવિજિત કુમાર, પ્રેમજી ગોપાલ, હર્ષ અત્તરવાલા, દીપક પરાસ્કર, આસ્થા ગૃપ ટ્યુશન, પૂનમ, સૃષ્ટિ, નવનીત, અશોક દ્વારા સક્રિય સહકાર આપવામાં આવ્યો હતો.

# ઍમ બી પટેલ કન્યા સ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ દ્વારા દીવ-સોમનાથ, જૂનાગઢ અને સાસણના ત્રણ દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૮ની કુલ ૨૦૮ વિદ્યાર્થિનીઓએ આ પ્રવાસમાં જોડાઈને કુદરતી સ્થળો સાથે ઐતિહાસિક વારસાની રસપ્રદ માહિતી પ્રાપ્ત કરી હતી અને પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

# હેલ્ધી ઈન્ડિયાનો સંકલ્પ સાચા અર્થમાં ચરિતાર્થ કરીએ

અમદાવાદ, તા. ૧૨

વિશ્વમાં આરોગ્ય અને ખાદ્ય ચીજવસ્તુઓના ક્ષેત્રમાં હવે ભારત પણ વિકસીત દેશોથી પાછળ રહ્યું નથી તેવું સાબિત કરવા માટે આપણે સૌ કોઈએ હેલ્ધી ઈન્ડિયાનો સંકલ્પ સાચા અર્થમાં ચરિતાર્થ કરવો પડશે. ગુજરાત અને દેશને હેલ્ધી સાથે એવું વાયબ્રન્ટ બનાવીએ કે જેથી વિશ્વભરના લોકો આપણી મહેમાનગતિ માણવામાં ગર્વ મહેસૂસ કરે. ફુડ કમિશનર તરીકે ઈશ્વરે તમને બહુ મહત્વની અને સમાજની અનોખી સેવા કરવાની જવાબદારી સોંપી છે, તેને માત્ર ફરજ ના ગણો કારણ કે, આ વૈધાનિક ફરજની સાથે સાથે સમાજની સેવા કરવાની બહુ પવિત્ર ફરજ છે. જો તમે સાચી નિષ્ઠાથી આ ફરજ નિભાવશો તો, તમે સમાજના લોકોને રોગો, બિમારી અને ગંભીર માંદગીથી બચાવવામાં બહુ ઉમદા યોગદાન આપી શકશો. તમે જે કંઈપણ કામ કરો, તેમાં કમીટમેન્ટ રાખો અને દ્રઢ ઈચ્છાશકિત રાખો તો, તો, તમને ચોક્કસ સફળતાના અને સારા પરિણામો પામશો એમ અત્રે સુપ્રીમકોર્ટના જસ્ટિસ એમ.આર.શાહે જણાવ્યું હતું. ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ અંગેના સામાન્ય એવા સમગ્ર ગુજરાત રાજયમાં પડતર એવા ચાર હજારથી વધુ કેસોનો ઝડપી અને અસરકારક નિકાલ કરવા બદલ ખુદ ફુડ સેફટી ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ ગુજરાત રાજયની કામગીરી બિરદાવી તેને પ્રેરણારૂપ ગણાવી હવે દેશના અન્ય રાજયોમાં પણ ભેળસેળના સામાન્ય કેસોના કઈ રીતે ત્વરિત અને અસરકારક નિકાલ થાય તે માટે સૂચના જારી કરી હતી જેના અનુસંધાનમાં આજે અમદાવાદ શહેરમાં દેશના તમામ રાજયોના ફુડ સેફટી કમિશનર સહિતના પદાધિકારીઓ માટે એક ખાસ લર્નિંગ અને ટ્રેનીંગ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત હાઈકોર્ટના આપણા વરિષ્ઠ ન્યાયમૂર્તિ અને હાલમાં જ સુપ્રીમકોર્ટમાં નિયુકત થયેલા જસ્ટિસ એમ.આર.શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી દેશભરમાંથી આવેલા ફુડ સેફટી કમિશનરો સહિતના પદાધિકારીઓને બહુ ઉપયોગી જાણકારી અને કાયદાકીય દ્રષ્ટિકોણથી જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

# અધખૂલેલું બારણું ખોલવાનો પ્રયાસ







યુગ પરિવર્તનની સાથે સાથે સુસંસ્કૃત થયેલી ગઝલમાં હવે દરેક વિષયનો સમાવેશ સંભવ બન્યો છે. છતાં પૂર્વ પરિચિત શ્રૃંગારિત લક્ષણના આધારે ભલે નામમાત્ર પણ કેમ ન હોય છતાં તેનો સંકેત વ્યાપાર એટલો ગૂઢ થઈ ગયો છે કે અનુભૂતિની સૂક્ષ્મ અભિવ્યક્તિ જોતાં દરેક વિશિષ્ટ કવિ એક પ્રકારે આધ્યાત્મિક રંગે રંગાયેલ હોય તેવું લાગ્યા વિના રહેતું નથી. તે સાથે ગઝલની સન્માનિત પરંપરા, ગઝલોમાં પ્રગટતી વેદના, પીડા, અગવડતાઓ અને પ્રતિકુળતાઓ, ગમા-અણગમા, સ્વીકાર-તિરસ્કાર, સંયમ, સૌજન્ય, સરળતા, અભિવ્યક્તિની નજાકત, ભાવનો વિહાર, કલ્પનાનું નાવિન્ય, કલ્પનાને કંડારવાની મૌલિક રીતિ, અર્થનું નાવિન્ય પ્રગટાવવાની સર્જકની રીતિ, ગઝલમાં પ્રગટતું વિષય નાવિન્ય, ગઝલમાં ભાવ-સંવેદનાનો કલાત્મક રીતે રજૂ કરવાનો કવિ-કસબ, ચિંતન પછીની અર્થસભર-લાઘવબદ્ધ રજૂઆત કરવાની સર્જકરીતિ, પ્રણયોર્મિનું પ્રાગટ્ય અને અનુભૂતિ, જીવનના જુદા-જુદા પ્રભાવની અર્થનિષ્પતિનું ગઝલમાંથી પ્રગટતું અનોખું દર્શન, માનવમાત્રના મનમાં ઘડાતી માનસિક પ્રક્રિયાનું કવિનું સૂક્ષ્મ નિરીક્ષણ અને દર્શન, ગઝલોમાં પ્રગટતી જીવનની ઘટનાઓને નૂતન પરિવેશે પ્રગટાવવાનો કવિ-કસબ, પ્રકૃતિનાં વિવિધ રૂપોનો કવિસ્પંદ દ્વારા થતા ઉઘાડનો આસ્વાદ કરાવતી ગઝલોને માણવા માટે ભાવકે અધખૂલેલું બારણું આખું ખોલવાનો પ્રયાસ કરવો જ પડે.

'અધખૂલેલું બારણું' કવિ મનીષ પાઠક 'શ્વેત'નો પ્રથમ ગઝલ સંગ્રહ છે. જેમાં ૬૦ જેટલી ગઝલોને સમાવવામાં આવી છે. કવિ તેમના નિવેદનમાં કહે છે કે, 'કવિતા અધખૂલેલી હોય એની મજા કંઈ ઓર છે. જેમ અર્ધલાજ કાઢેલી યૌવના... આમેય ગઝલમાં તો ઉબા મિસરામાં ટકોરા થાય એની સાની મિસરામાં શેર ઉઘડે છે. તેમ કવિની ગઝલના કેટલાક શેર સીધા ભાવકને ભાષાભવનમાં પ્રવેશ કરાવશે. અને કેટલાક શેર સુધી ભાવકે પહોંચવું પડશે. કેમકે કવિની મથામણ, ભાવકની પણ મથામણ બને ત્યારે સાચું કવિકર્મ સર્જાય છે.' 'બુધસભા'માંથી જેમનું અવતરણ થયું છે એમ માનતા મનીષભાઈની ગઝલો વિષે ધીરૂ પરીખ કહે છે કે 'આ બધી ગઝલો નવા વિષયો અને અરૂઢ શૈલીમાં રચાઈ છે. એમાંનાં સંવેદનો પણ હૃદયસ્પર્શી છે.'

આ સંગ્રહની મોટાભાગની રચનાઓ 'કવિલોક' અને 'કુમાર' જેવાં સાહિત્યનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થયેલી છે. અને આ પુસ્તક પણ કવિલોક ટ્રસ્ટ દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે. જેથી જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રાજેન્દ્ર શાહની ભવ્ય અને દિવ્ય પરંપરા સાથે જોડાવાનો કવિને હૈયે હરખ છે. કવિ અનેક રીતે અને રૂપે પોતીકું વિશ્વ સર્જીને તેમાં સુખ માણે છે. એવું એક જગત, જ્યાં લાગણીનું ભાવાવરણ છવાયેલું રહે છે. જીવન હૃદયના ધબકાર સાથે જીવાતું અનુભવાય છે. જે લાગણીના તંતુએ જીવનાર પ્રત્યેક મનુષ્યને હૃદયસ્થ છે. ભાઈ મનીષ પાઠકના કેટલાક શેર જોઈએ -

હાથ પગ વિના હવાને આવતી મેં જોઈ છે,
આંખ સામે છત દિવલો ચાલતી મેં જોઈ છે.
લાગણીને પગ નથી તો એ જવાની બ્હાર ક્યાં?
તે છતાં પણ ઠેસ એને વાગતી મેં જોઈ છે.

●

તારું ઘર ને મારું ઘર સરખું લાગે છે,
દીવાલોને માથે છત, દેવું લાગે છે.

●

બાળપણની વારતા ઘરડી બની છે,
ચાલવાની લાકડી તમને મળી છે ?
પગ પછાડી એટલે ઊભો થયો છું,
રાહ જોવામાં પ્રભુ ખાલી ચડી છે.

કવિ મનીષ પાઠક 'શ્વેત' ઓમ કમ્યુનિકેશન્સના માધ્યમથી અમદાવાદ સાહિત્યિક કાર્યક્રમોની શૃંખલા રચી એક આગવા મિજાજથી સુંદર આયોજનો દ્વારા કાઠું કાઢી આગળ આવ્યા છે. એ બદલ એમને અભિનંદન.

નવકવિની રચનાઓના આ સંગ્રહને ખૂબ સ્નેહ અને આદરસહ આવકારું છું અને કવિને અભિનંદું છું.


અધખૂલેલું બારણું (ગઝલસંગ્રહ)
કવિ : મનીષ પાઠક 'શ્વેત'
પ્રકાશક : કવિલોક ટ્રસ્ટ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
કિંમત : રૂા. ૬૦/-

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૨૪મો મણકો ॥**

આપણી વસાહતથી ત્રણ સાડાત્રણ માઈલ દૂર એક રેલવે સ્ટેશન છે એનું નામ ફિનિક્સ છે એટલે આપણી વસાહતને પણ લોકો ફિનિક્સના નામથી ઓળખે છે.'

ગાંધીજીએ તેમને જણાવ્યું હતું કે, 'ફિનિક્સ નામ બદલવા જેવું નથી.' ફિનિક્સ એ ગ્રીક પુરાણકથાનું પક્ષી છે. આપણા રામાયણમાં જેમ



જટાયુ છે તેમ. આ ફિનિક્સ પક્ષીની વિશેષતા એ છે કે મર્યા પછી તે પોતાની ભસ્મમાંથી જ સજીવન થાય છે. તેથી ગાંધીજીએ કહ્યું, 'અહીં રહેતા આપણા સૌના મનમાં સત્યાગ્રહનો વિચાર જો ક્યારેક મરે તો એ એની રાખમાંથી જ ફરી ઊભો થાય.' આમ એ વસાહતનું નામ ફિનિક્સ વસાહત પડ્યું.

આ ફિનિક્સ વસાહતના સમૂહ રસોડામાં ત્રણ જણા બેઠા છે; કસ્તૂરબા રોટલી વણે છે, ગાંધીજી રોટલી શેકે છે અને રાવજીભાઈ મણિભાઈ પટેલ શાક સમારે છે. રાવજીભાઈએ નજરે જોયેલો આ પ્રસંગ છે અને તે એમણે લખ્યો પણ છે.

150 ગાંધીયાત્રા

ત્રણ જણા શાંતિપૂર્વક રસોડામાં શાંતિથી કામ કરે છે ને મૌન છવાયેલું છે. એ મૌનનો ભંગ કરતાં અચાનક ગાંધીજી બોલી ઊઠે છે, 'સાંભળ્યું ?' ત્રણ જણા રસોડામાં બેઠા હતા ને ગાંધીજી 'સાંભળ્યું ?' એમ પૂછે તો એ કોને પૂછ્યું હોય એ સમજી શકે એટલા સમજદાર રાવજીભાઈ હતા તેથી એ ચૂપ રહ્યા ને સામે પક્ષે એ જેને પૂછાયું એ કસ્તૂરબા પણ એટલા સમજદાર હતા. તેથી તેમણે સામો સવાલ કર્યો, 'શું સાંભળ્યું ?'

'આજથી તું મારી પરણેતર નહીં, તું મારી રખાત.'

'હાય ! હાય ! આ તમે શું બોલો છો ?'

'હું નથી બોલતો, જનરલ સ્મડ્‌સ બોલે છે.'

'અરે પણ એ કેમ આમ બોલે છે ?' કસ્તૂરબાએ પૂછ્યું. ને ગાંધીજીએ તેમને વિગતે સમજ પાડી.

બન્યું હતું એવું કે કેપટાઉનમાં કામ કરનારો એક મૂળ ભારતીય ભારત જઈને નિકાહ પઢી આવ્યો હતો. પછી કેપટાઉનમાં પરત પ્રવેશ કરતાં તેને રોકીને સવાલ કરવામાં આવ્યો, 'આ સાથે કોણ છે ?' તે માણસે જણાવ્યું કે 'આ મારી બીબ છે, મેં એની સાથે નિકાહ કર્યા છે.' પણ સત્તાધિશો માન્યા નહીં. એ માણસને કેપટાઉનમાં જવાની અનુમતિ આપવામાં આવી કારણ કે તેની પાસે પરવાનો હતો, પણ તેની બીબીને કેપટાઉનમાં પ્રવેશ આપવાની મનાઈ ફરમાવવામાં આવી. આ કેસના ચૂકાદામાં સરેલ નામના ન્યાયાધિશે એમ જણાવ્યું કે દક્ષિણ આફ્રિકામાં રજિસ્ટ્રાર સમક્ષ લગ્ન કર્યાં હોય અથવા ખ્રિસ્તી દેવળમાં લગ્ન કર્યાં હોય એવાં લગ્નો જ કાયદેસરના ગણાશે, બાકી બધા ફોક.

આ ઘટના જણાવી ગાંધીજીએ કસ્તૂરબાને કહ્યું, 'આપણાં લગ્ન પણ ભારતમાં થયા છે. અહીં રજિસ્ટ્રાર સમક્ષ કે ગિરજાઘરમાં આપણાં લગ્ન થયાં નથી. તેથી આપણાં લગ્ન પણ ફોક ગણાય.'

કસ્તૂરબા કહે, 'આ તો બરાબર ના કહેવાય.'

'વાત તો સાચી. બરાબર તો ના કહેવાય. અને હું તો કહું છું કે આની સામે કંઈક કરવું જોઈએ.'

'શું કરશો ?'

'સત્યાગ્રહ. અને તમે શું કરશો ?'

'અમે ? અમે શું કરી શકીએ ?'

'જે અમે કરી શકીએ એ તમેય કરી શકો.'

'તમે તો સત્યાગ્રહ કરવાના છો.'

'તમેય સત્યાગ્રહ કરી શકો.'

'તમે તો જેલમાં જવાના છો.'

'તમેય જેલમાં જઈ શકો.'

'અચ્છા ! તો એમ કહો ને કે તમારે મને જેલમાં મોકલવી છે !'

'હું નથી કહેતો, જનરલ સ્મડ્‌સ કહે છે.'

'ખેર,' કસ્તૂરબાએ કહ્યું, 'પણ હું જેલમાં જાઉં તો ખાઉં શું ?'

એ સમયે આશ્રમમાં ખોરાકના પ્રયોગો ચાલી રહ્યા હતા. અને એ સમયે સત્યાગ્રહીઓને દક્ષિણ આફ્રિકાની જેલમાં અપાય તેવો ખોરાક આશ્રમમાં આપવામાં આવી રહ્યો હતો, અલબત્ત માઈનસ કીડા ને માઈનસ કાંકરા. એ તેમને અહીં નહોતું મળતું. એવે વખતે કસ્તૂરબા તો માત્ર ફળાહાર ઉપર જ હતા. તેથી 'જેલમાં ફળો મળશે ?' એવો સવાલ કસ્તૂરબાએ કર્યો.

ગાંધીજીએ કહ્યું, 'જેલમાં ફળોની માંગણી કરવી. મળે તો ખાવાં, નહીં તો ઉપવાસ કરવા.'

'અચ્છા ! એટલે તમારે મને માત્ર જેલમાં જ નથી મોકલવી, મને ઉપવાસેય કરાવવા છે !'

'મારે નથી મોકલવા, જનરલ સ્મડ્‌સને મોકલવા છે.'

'સારું. પણ કદાચ એવુંય થાય કે હું જેલમાં મરું.' કસ્તૂરબાએ શક્યતા દર્શાવી.

અને ગાંધીજીએ કહ્યું હતું, 'તમે જો જેલમાં મરશો તો હું તમને જગદંબા ગણીશ.' (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**